# પ્રમુખીય

## સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

**સિતાંશુ યશશ્ચન્દ્ર**

### લેખાંક ૧ : ભૂમિકા

વાત કવિતાની કરવી છે.

વાત કવિતાની કરો, એટલે બીજી ઘણી વાતોય થતી આવે.

કેમ કે કવિતાનું વૃક્ષ માત્ર પાંદડે પરખાય એવું નથી હોતું. એની ડાળીઓથી ઊડેલાં પંખી-પતંગિયાં સહુની નજર સામે એનાં કેસરને ક્યાંના ક્યાં લઈ જાય છે ! અને કોઈને દેખાય નહીં એમ વૃક્ષનાં મૂળિયાં રસકસ અને પાણીની ગોતમાં ભોંયની અંદર ને અંદર આઘે આઘે જઈ પહોંચે છે. એમ અનેક સીમાડા ઓળંગાય છે – જમીનના અને આસમાનના. જેમ વેલીઓ અને વૃક્ષરાજોનું તેમ મુક્તકોનું અને મહાકાવ્યોનું. નાનકડી જણાતી કોઈ કવિતાનોયે વ્યાપ મોટો હોઈ શકે. દરેક માતબર કાવ્ય જેમ ઇતિહાસમાં અને ભૂગોળમાં (સમાજ, રાજ્ય, ધર્મ અને અર્થકારણના સ્થળ-કાળ-વ્યાપક વાસ્તવોમાં) એક રીતે ફેલાય છે, તેમ બીજી રીતે પોતાની ભાષાની અને બીજી ભાષાઓની સમગ્ર સર્જકતાની આબોહવા સુધી પ્રસરે છે. માટીમાં ઊંડે અને આકાશમાં ઊંચે ફેલાતા તરુવરોની જેમ કવિતા જેટલી લોકમૂલક અને સ્થાનિક તેટલી જ અલૌકિક અને વ્યાપક હોય છે. એ બે વચ્ચે કવિતાનો પોતાનો અનોખો તાલમેલ રચી લેતી હોય છે.

વાત તો આપણી કરવી છે, આપણી રીતે. આજની ભારતીય ભાષાઓની કેટલીક કાવ્યરચનાઓની વાત કરવી છે, પણ જ્યાં જ્યાં એ કૃતિઓ પહોંચે, ત્યાં તેને પગલે આપણેયે પહોંચવાનું આવશે. આપણી વાત આપણી રીતે શરૂ કરીએ એટલે જરા વારમાં જાણ થતી આવે કે આપણે કેટલા બધા આપણે છીએ, વિસ્તૃત છીએ, સહુ છીએ. પણ એ વિસ્તાર એવો ન હોય કે આપણે કાં તો બેડોળ થઈ જઈએ. ન તો કશું અપનાવવાનો ભય આપણી જાતને, ભાષાને, સંસ્કૃતિને આપણને જ બંદી બનાવતા કારાગારમાં પલટી નાખે. કવિતાની વાત કરવી એ કામ સહેલું નથી.

'તુઝી માઝી દૌડ આહે, દાંતા પાસુન દાંતા સાઠી' ('તારી મારી દોટ છે એક દાંતથી બીજા સુધીની'), એની યાદ વિન્દા કરન્દીકર દેવડાવે છે. સામાજિક લેખે આપણી દોડ નાનકડી છે, એમ આ રીતે કહીને એ કવિ સહૃદય લેખે આપણને ક્યાંના ક્યાં દોડાવે છે ! વિન્દા આમ તો જાણે ગરીબી રેખાની નીચે જીવતા રોજ અધભૂખ્યા

સૂતા મુંબઈ-મહારાષ્ટ્રના મરાઠીભાષી માણસો સાથે સીધી વાત કરે છે. પણ એ કવિતાનો વાચક સમજીયે શકે છે કે બીજી કોઈ પણ ભાષા બોલનારા ગરીબ ભારતીયની સાથે પણ વિન્દાની વાતચીત શરૂ થઈ ગઈ છે. અને, તે ઉપરાંત, ભારતભરના કરોડોનાં કૌભાંડો કરનારાઓની વાત પણ આ વક્રોક્તિકુશળ કવિ કરી લે છે. 'તુઝી માઝી દોડ આહે...' માતબર કવિતાની સાથે એક વાર મુસાફરીએ નીકળ્યા તો ક્યાં અટકવાનું, કેટલું ફંટાવાનું, એ કોણ જાણે ? વક્રોક્તિ ખરી, એનોય ખપ છે, પણ એથી આગળ જઈ ધ્વનિકાવ્યને આનંદવર્ધન ઉત્તમ કાવ્ય અમસ્તા નથી કહેતા. આજના ગુજરાતી કવિએ એ વાત ધ્યાનમાં લેવા જેવી છે.

કવિતા ગતિશીલ હોય છે. કવિતા જે ભાષામાં અને સંસ્કૃતિમાં મૂળ નાખીને ઊગી હોય, એ ભાષા-સંસ્કૃતિના પોતાના બદલાવો મુજબ એ રચનાપરંપરા પોતાને, ઉચિત લાગે તો, વળાંક આપવાને શક્તિમાન હોય છે. પલટાતા સમય પ્રમાણે કવિતા આસપાસના ઇતિહાસ-ભૂગોળ સાથેના પોતાના અનુબંધો બાંધતી-બદલતી ચાલે છે. નળદમયંતીની કથા તો એક હોય, પણ ભારતીય કવિતાની લાંબી પરંપરામાં એ અનેક રીતે કહેવાઈ છે. ઈ.સ. પૂર્વે દશમા કે આઠમા શતકમાં જેની રચના આરંભાઈ હોઈ શકે એવા આર્ષ મહાકાવ્ય 'મહાભારત'માં તો નલકથા કેવળ એક 'ઉપાખ્યાન' છે : પોતાના રાજ્યક્ષયથી દુઃખી રાજા યુધિષ્ઠિરને એમનાથીયે વધારે દુઃખી થયેલા (અને એમની જેમ જુગારમાં બધું ગુમાવી બેઠેલા) રાજા નળની કથા ત્યાં કહેવાઈ છે. પણ બારમી સદીના કવિ શ્રીહર્ષ એ ઉપાખ્યાનમાંથી એક મહાકાવ્ય રચી લે છે : 'નૈષધચરિત' કે 'નૈષધીય'. એમાં પેલી દુઃખાધિક્ય દર્શાવતી મૂળ ઉપકથા એક વિસ્તૃત એવી, શૃંગારબહુલ છતાં પ્રાચીન ભારતના અંતિમ સર્વજ્ઞાનસંગ્રહ સમી મહાકથા બની છે. બન્ને મહાકાવ્યો યુગાન્તકથા કહે છે, પણ 'નલોપાખ્યાન' જે યુગને અને એના અંતને તલાશે છે, એથી સાવ અલગ યુગને અને એના અંતને બારમી સદીનું 'નૈષધચરિત' આલેખે છે. ગયે વર્ષે, 'યુગોનાં સાહિત્યશાસ્ત્રો' ઉપર પરિસંવાદ યોજીને પરિષદના સમર્થ અને સૂક્ષ્મદર્શી પ્રમુખ પ્રો. ચન્દ્રકાન્ત ટોપીવાળાએ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ અને એના સાહિત્યવિચાર વચ્ચેના સંબંધની મીમાંસાનું એક મહત્ત્વનું પગલું માંડી આપ્યું હતું. એ રસ્તે હવે આપણે આગળ ચાલીએ છીએ.

આપણા આજના સમયમાં ભારતની અનેક ભાષાઓમાં લખાતી કવિતાનો (અને ભારતીય સાહિત્યના વ્યાપક સંસ્કૃતિ સંદર્ભનો) પરિચય કેળવવાનો એક પ્રયાસ આ લેખમાળામાં કરવા ધાર્યો છે. માત્ર કેટલાંક કાવ્ય-કૃતિ-પલ્લવનો, રૂપકડાં પાંદડાંઓને પકડવાનો આ ઉપક્રમ નથી, પ્રયાસ તો ભારતીય કવિતાના સહસ્રાબ્દોથી અડીખમ રહી પાંગરતા મહાવૃક્ષનું આપણા સમયનું, આજના સંવત્સરે આજની ઋતુમાં કયું ને કેવું અનોખું રૂપ પ્રગટ્યું છે, એનું કૌતુક કરવાનો, એને કંઈક સમજવાનો, એનું સમગ્ર સૌંદર્ય શક્ય તેટલું નીરખવાનો છે.

*

કેરળના અગ્રણી સાહિત્યકાર અને વિચારક એન. વી. કૃષ્ણ વારિયર (૧૯૧૬-

૧૯૮૯)ની જન્મશતાબ્દી નિમિત્તે ‘સમકાલીન ભારતીય સાહિત્ય’ના અંક ૧૮૮માં મલયાલમ્ ભાષાના અગ્રણી લેખક એ. અરવિંદાક્ષનો એક સુંદર લેખ છપાયો છે. એમાં દર્શાવ્યું છે તેમ મલયાલમ્ ભાષાની કવિતાની ક્ષિતિજોને તેજસ્વી કાવ્યરચના અને ગંભીર કાવ્યવિચાર વડે વિસ્તારનારા એન. વી.નો સંસ્કૃતવિચાર તેમજ એમની સંસ્કૃતિ અંગેની પ્રતિબદ્ધતા પણ એવાં જ પ્રભાવક હતાં. ‘સ્વતંત્ર ભારતમ્’ અને ‘માતૃભૂમિ’ એ મલયાલમ્ સામયિકો અને હિંદી સામયિક ‘યુગપ્રભાત’ના દૃષ્ટિસંપન્ન અને દૃઢનિશ્ચયી સંપાદન દ્વારા એમણે મલયાલી પ્રજાના સ્વાતંત્ર્ય એ સ્વાયત્તતા માટેના મહાયત્નોમાં જોડાવું પસંદ કર્યું. એમની એક કવિતા છે : ‘કવિતયોટ્ટુ’ (‘કવિતા પ્રતિ’). કવિતાએ કવિને શું શિખવાડ્યું, કેવી તાલીમ આપી, એ અંગે એન. વી. કૃષ્ણ વારિયર ‘કવિતયોટ્ટુ’-માં કહે છે :

**નિજ સુખની કર્યા વગર કોઈ પરવા**
**યુગસંધિનું ગટગટાવીને કડવું રસાયણ**
**લોક-કલ્યાણ માટે કામ કર્યા કરવાની વાત**
**સાવ કને આવી કર્યા કરે છે તું મારા કાનમાં...**

– કવિતા પાય એ રસાયણ કડવું પણ હોય, એ તો ‘કડવા ભગત’ સુન્દરમ્ આપણને કહી ગયા છે. આપણે આજે સાવ મોદકપ્રિય બની, પોતાની જ આળપંપાળ કરવામાં ખોવાઈ જઈ, કવિતા જે વાત આપણા કાનમાં કહે છે, એ સાંભળવાની તાકાત કે નરસિંહ-મીરાંએ જીરવ્યું હતું એવું યુગસંધિનું રસાયણ પીવાની ક્ષમતા તો ગુમાવી નથી બેઠા ને ? ભલે ‘કપરું જીરવવું’ તો યે એ પીવા જેવું પીણું છે – જો સાચા કવિ થવું હોય તો...

આગે તુમ્હારી મરઝી.

*

‘કવિતયોટ્ટુ’ માત્ર એન. વી. જ કહે છે, એવું તો નથી. એટલે કવિતા બાબત બીજા એક આપણા સમર્થ સમકાલીન કવિ, સુનિલ ગંગોપાધ્યાય શું અને કઈ રીતે કહે, સૂચવે છે, એ જોઈએ. એમની બંગાળી કૃતિનો અંગ્રેજી અનુવાદ મને મળ્યો, એને આધારે ગુજરાતી અનુવાદ કરવાનું શરૂ કર્યું ને અંગ્રેજી-ગુજરાતી બન્ને અનુવાદો અપૂરતા લાગ્યા. કલકત્તામાં રહેતાં સાહિત્યમર્મજ્ઞ પ્રો. સુતપા ચૌધરીને ફોન કર્યો. એમણે મૂળ બંગાળી કૃતિ મેળવી આપી, ફોન પર એનું પ્રભાવક વાચન કરી બતાવ્યું. એમની સાથે, અને પછી આપણા ઉત્તમોત્તમ સર્જક મધુ રાય સાથે (સુતપાજી બંગાળી માતૃભાષા સાથે, લાંબા ગુજરાતનિવાસથી ગુજરાતી પણ સુપેરે જાણે; મધુસાહેબે લાંબા કલકત્તાનિવાસથી બંગાળી આત્મસાત્ કર્યું છે) મૂળ કૃતિનાં ક્રિયાપદો અને વાક્યાન્વયોની મારી સમજણ કેળવી.

તો, આ અંકની વાતને અંતે સુનીલ ગંગોપાધ્યાયની કવિતાનો મારો એ અનુવાદ :

*

## હવેની વારીમાં કવિતા લખીને... | સુનીલ ગંગોપાધ્યાય

હવેની વારીમાં કવિતા લખીને હું એક રાજમહેલ બનાવીશ.
હવેની વારીમાં કવિતા લખીને માગીશ એક પોન્ટિઆક ગાડી.
આ વખતે કવિતા લખીને કદાચ હું રાષ્ટ્રપતિપદે ચૂંટાઈ ન પણ આવું.
મારો પગ ઉઠાવીને હું ત્રણ પગલાં જમીન પગ તળે ચાંપીશ.
પશુપાલકોની રહી છે ઋણી આ પૃથ્વી ઘણા સમયથી.

આ વખતે જ્યારે હું કવિતા લખીને માગીશ સ્કોચ,
'સફેદ ઘોડા'. અને ચોખ્ખા ઘીમાં તળેલો મરઘીનો પગ,
એથી ઓછું કાંઈ નહીં.
આ વારની કવિતા લખવા બદલ હું માગીશ એક સહસ્ર દાસીઓ.
અથવા એક નારી, જેને ગોપિત રાખવાની જરૂર ન હોય, અને જેનાં ઘૂંટણ,
હું ભર્યા નગરચોક વચ્ચે પણ ઝાલી શકું,
અને કરી શકું ક્ષમાયાચના.

લેવલ ક્રોસિંગ પર હું જ્યારે ખડો હોઉં
ત્યારે તોપધડાકાની સલામી સંભળાવી જોઈએ મને.
કવિતા લખી રહ્યા પછી હું કંઈ મારી માગણીઓ છોડી દેવાનો નથી.
કૂતરાની જેમ ધૂળમાં આળોટીશ,
હડ્ડીઓમાંથી લોહી ચૂસતો,
રાહ જોતો ઊભો છું હું હજી
કે માણસની આંખમાં માણસાઈ ખૂલે.

તાવ ધીખતા કપાળ સાથે, થૂંક ને ગળફામાંથી
ઊભો થયો છું, કવિતા માટે.
દારૂ પીધેલા ચાંડાળની જેમ
પોતાને સળગાવી દઈને ઊભો થયો છું ફરી રાખમાંથી,
સાંભળતો મારા સૂમસામ ઓરડામાં અસહાયતાના અવાજોને, પડઘાતા.
હવે કવિતા લખીને
કવિતા લખ્યાનું પૂરેપૂરું વેર લેવા ઊભો છું.

*

સમા, વડોદરા
જાન્યુઆરી ૨૩, ૨૦૧૮

❑